# CIMS News
# Care & Cure

Volume-4 | Issue-41 | December 25, 2013

Price : ₹ 5/-


CIMS®
Care Institute of Medical Sciences

## અંદરના પાને...

- પોલીયોગ્રસ્ત, ફ્રેક્ચર થયેલા થાપાવાળા, એકદમ ઓછુ વળી શક્તા ઘૂંટણ પર રીપ્લેસમેન્ટની શસ્ત્રક્રિયા
- તીવ્ર અતિસાર (ડાયરીયા)નો કિસ્સો
- ઘુંટણના ભયંકર ઇન્ફેક્શનની સારવાર
- અન્નનળીની બીમારી: એકેલેઝયા કાર્ડિયાનું સીમ્સ હોસ્પિટલમાં નીદાન અને લેપ્રોસ્કોપીક પદ્ધતિથી તેનું ઓપરેશન



CIMS®
Care Institute of Medical Sciences

## જોઇન્ટ રીપ્લેસમેન્ટ ડિપાર્ટમેન્ટ

# પોલીયોગ્રસ્ત, ફ્રેકચર થયેલા થાપાવાળા, એકદમ ઓછુ વળી શકતા ઘૂંટણ પર રીપ્લેસમેન્ટની શસ્ત્રક્રિયા

૫૫ વર્ષનો પુરુષ દર્દી, ૪ વર્ષ પહેલા, જમણા પગની જાન્ધના હાડકાના ફ્રેકચરમાંથી ઉભા થયેલ છે અને આ પગમાં પોલીઓની અસર પણ હતી. ફ્રેકચરની સારવાર માટે પ્લેટની અંદર સ્ક્રુની જરૂર પડી. ફ્રેકચર તો મટી ગયુ પણ તેના લીધે, જમણા પગના ઘુંટણનું હલન ચલન બંધ થઇ ગયુ અને જમણા પગના સાંધાનો સોજો આવી ગયો. સાંધાના હલન ચલનની મર્યાદા લગભગ ૫ થી ૨૦ ડિગ્રી સુધી જ રહી.

**અમારા માટેનો પડકાર આવો હતો કે**

૧. માત્ર ૨૦ જ ડિગ્રી સુધી વાળી શકાય છે તે ઘુંટણની પ્રત્યારોપણની શસ્ત્રક્રિયા કરવી.
૨. શક્ય હોય તેટલી પ્લેટ અને સ્ક્રુ રાખવા કે જેથી પોલીઓથી અસરગ્રસ્ત હાડકાને કોઇ નુકસાન ન થાય.







**અમારૂ આયોજન આ પ્રમાણે હતુ**

૧. કોમ્પ્યુટર પ્રેરિત પધ્ધતિ દ્વારા ઘુંટણના પ્રત્યારોપણની સમગ્ર પ્રક્રિયા કરવી.
૨. અમે જાન્ધના ભાગના ક્રૂસીએટ જાળવી રાખતા ચોક્કસ ભાગનો ઉપયોગ કરીએ છીએ કે જેથી તે સ્ક્રૂમાં નડે નહી. શસ્ત્રક્રિયા દરમિયાન, ઘુંટણને ખુલ્લો કરવો તે, ગંભીર સોજાના કારણે બહુ જ મુશ્કેલ હોય છે. કોમ્પ્યુટર પ્રેરિત પધ્ધતિ દ્વારા ઘુંટણના પ્રત્યારોપણની સમગ્ર પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી હતી. અહીં અમે જાન્ધના ભાગના ક્રૂસીએટ જાળવી રાખતા ચોક્કસ ભાગનો અને અને ડીપ ડિશ પોલીનો ઉપયોગ કર્યો છે તેથી તે પ્લેટને જાળવી રાખવામાં ઉપયોગી છે.

**દર્દીને સારૂ અને તેના ઘુંટણના સાંધાનું હલન ચલન ૦ થી ૭૦ ડિગ્રી છે.**

**સૌજન્ય**

**ડૉ અતીત શર્મા**
M.B.M.S, ફેલોશીપ : બેલ્જિયમ, સિંગાપોર, ફ્રાંસ, જર્મની અને યુએસએ
જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જન
મોબાઈલ : +૯૧-૯૮૨૪૦ ૬૧૭૬૬
ઇમેલ : ateetsharma72@rediffmail.com

**જોઇન્ટ રીપ્લેસમેન્ટ ટીમ**

ડૉ. ચિરાગ પટેલ (મો) +૯૧-૯૮૨૫૦ ૨૪૪૭૩
ડૉ. અમીર સંઘવી (મો) +૯૧-૯૮૨૫૦ ૬૬૦૧૩
ડૉ. હેમાંગ અંબાણી (મો) +૯૧-૯૮૨૫૦ ૨૦૧૨૦

## સીમ્સ જોઇન્ટ રીપ્લેસમેન્ટ ડીપાર્ટમેન્ટ દ્વારા

સીમ્સમાં નિયમિત ચેકઅપ માટે આવનાર દર્દી અથવા તેના સંબંધી માટે જોઇન્ટ રીપ્લેસમેન્ટ વિશેષજ્ઞ દ્વારા

**નિ:શુલ્ક ઘુંટણના તથા થાપાના સાંધાની તપાસ**



**જોઇન્ટ રીપ્લેસમેન્ટ સર્જરી ₹ ૧.૨૫ લાખથી શરૂ**

સીમ્સ હોસ્પિટલમાં
**જોઇન્ટ રીપ્લેસમેન્ટ વિશેષજ્ઞ**
દ્વારા નિ:શુલ્ક કન્સલટેશનનો લાભ લો
આ કટિંગ સાથે લાવવું આવશ્યક છે.

| | | | |
|---|---|---|---|
| ડૉ. ચિરાગ પટેલ | (મો) +૯૧-૯૮૨૫૦ ૨૪૪૭૩ | સવારે ૧૧ થી ૩ વાગ્યા સુધી (11 am-3 pm) | ગુરૂવાર અને શનિવાર |
| ડૉ. અમીર સંઘવી | (મો) +૯૧-૯૮૨૫૦ ૬૬૦૧૩ | સવારે ૧૧ થી ૩ વાગ્યા સુધી (11 am-3 pm) | મંગળવાર, બુધવાર અને શુક્રવાર |
| ડૉ. અતીત શર્મા | (મો) +૯૧-૯૮૨૪૦ ૬૧૭૬૬ | સવારે ૧૧ થી ૩ વાગ્યા સુધી (11 am-3 pm) | બુધવાર અને શુક્રવાર |
| ડૉ. હેમાંગ અંબાણી | (મો) +૯૧-૯૮૨૫૦ ૨૦૧૨૦ | સવારે ૧૧ થી ૩ વાગ્યા સુધી (11 am-3 pm) | સોમવાર, ગુરૂવાર અને શનિવાર |

CIMS®
Care Institute of Medical Sciences
Joint Replacement Department

એપોઇન્ટમેન્ટ લેવી આવશ્યક છે
+૯૧-૭૯-૩૦૧૦ ૧૨૦૦, ૩૦૧૦ ૧૦૦૮
+૯૧-૯૮૨૫૦ ૬૬૬૬૧

સીમ્સ હોસ્પિટલ: શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦.

CIMS Care Institute of Medical Sciences

CIMS News
Care & Cure

Volume-4 | Issue-41 | December 25, 2013

## ગેસ્ટ્રોએન્ટ્રોલોજી ડિપાર્ટમેન્ટ સીમ્સ હોસ્પિટલમાં ઉપલબ્ધ ગેસ્ટ્રોએન્ટ્રોલોજીની સુવિધાઓ

સીમ્સ હોસ્પિટલ ખાતે દરેક પ્રકારના પેટના રોગોની અદ્યતન સારવાર ઉપલબ્ધ છે. સીમ્સ હોસ્પિટલમાં પેટના રોગોના નિષ્ણાંત ડોકટરની ટીમ ૨૪ કલાક હાજર છે. પેટના વિવિધ પ્રકારના રોગો જેવા કે એસીડીટી, પિત્તાશયની પથરી, પિત્તની નળીની પથરી, સ્વાદુપિંડના વિવિધ પ્રકારના રોગો (Acute & Chronic Pancreatitis) આંતરડા પરનો સોજો, વિવિધ પ્રકારના યકૃત (Liver) ના રોગો જેવા કે Hepatitis B, Hepatitis C (ઝેરી કમળો), લીવર સોરોસીઝ, આંતરડાના રોગો જેવા કે Ulcerative Colitis', Crohn's Disease અને વિવિધ પ્રકારના પેટના કેન્સરની સારવાર અદ્યતન ટેકનોલોજીથી કરવામાં આવે છે.


સીમ્સ હોસ્પિટલમાં અદ્યતન એન્ડોસ્કોપી યુનિટ છે અને વિવિધ પ્રકારની એન્ડોસ્કોપીક તપાસ (Diagnostic) જેવી કે Gastroscopy, Colonoscopy અને Theraputic એન્ડોસ્કોપી જેવી કે Sclerotherapy, Variceal Band Ligation, Clipping, Injection therapy, ERCP and biliary / pancreatic stone removal, stricture dilation જેવી તપાસ અને સારવાર કરવામાં આવે છે.

## તીવ્ર અતિસાર (ડાયરીયા)નો કિસ્સો

એક દિવસ એક ૩૦ વર્ષીય મહિલા દર્દી મને સીમ્સ હોસ્પિટલ ખાતે બતાવવા માટે આવ્યા. તેમને છેલ્લા ૩ વર્ષથી સતત ડાયરીઆ (ઝાડા)ની ફરીયાદ હતી અને છેલ્લા ૬ મહિનાથી ખુબ વણસી ગયેલી સ્થિતિથી પીડાતી હતી. તેમને ભૂખ ઓછી લાગતી હતી અને છેલ્લા ૬ મહિનામાં તેમનું વજન ૩૦ કિ.ગ્રા. વજન પણ ઓછું થયુ હતુ. તેમણે ઘણા ડોકટરોને બતાવ્યુ અને સારવાર પણ કરાવી પણ કોઇ સુધારણા જણાઇ નહોતી.

અહીંયા સીમ્સ હોસ્પિટલ ખાતે તપાસ કરતા જણાયુ કે તેમના લોહીના ટકા પણ ઓછા થઇ ગયા હતા (Hemoglobin : 9 gm/dl ESR : 80 mm/hour) સોનોગ્રાફી (USG) કરતા જણાયુ કે તેમને તેમને પેટમાં લસિકા ગ્રંથિઓ (Mesenteric Lymph Node Enlargement) મોટી થઇ ગયેલ છે.

આ પછી ૯-૧૨-૨૦૧૩ના રોજ તેમના મોટા આંતરડાની દુરબીનથી તપાસ (Colonoscopy) કરવામાં આવી અને તેમાં જોવા મળ્યું કે મળદ્વારથી ૫૦ સેમીના અંતરે મોટા આંતરડામાં ચાંદુ પડી ગયુ હતું અને મોટુ આંતરડુ સંકળાઇ ગયુ




(Stricture) હતુ અને દુરબીન ત્યાંથી આગળ પાર કરી શકાયુ ન હતુ. આ જગ્યાએથી પેથોલોજીકલ તપાસ માટે બાયોપ્સી લેવામાં આવી અને તપાસ કરવામાં આવી. આ તપાસમાં જાણવા મળ્યું કે તે જુનો મરડો અને આંતરડા પર સોજો હોવાની બીમારી છે કે જેને Ulcerative colitis કહેવાય છે. પણ આ સામાન્ય રીતે ઉપસ્થિતિને લઇને આંતરડાના સંકળાયેલા ભાગને પહોળો કરી (Colonic CRE Balloon Dilation) અને આખુ મોટુ આંતરડુ તપાસ કરવામાં આવ્યુ અને તેમાં જોવા મળ્યું કે મોટા આંતરડા અને નાના આંતરડાના જોડવાની જગ્યાએ (Ileocecal Valve) અને નાના આંતરડામાં (Ileum) માં પણ ઘણા બધા ચાંદા પડી ગયેલા હતા. આ જગ્યાએથી ઘણી બધી બાયોપ્સી (ileocecal & cecal) કરવામાં આવી અને તેની તપાસ ક્ષય (ટી.બી.)ના જિવાણુઓ (AFB Culture) માટે પણ કરવામાં આવી.

આમ આ તપાસથી નિદાન થયુ કે દર્દીને આંતરડાનો ક્ષય (ટી.બી.) છે અને ટી.બી.ની દવા (AKT) ચાલુ કર્યા પછી દર્દીને ઝાડા (ડાયરીયા) બંધ થઇ ગયા અને તેનું વજન પણ વધવા માંડ્યુ. આથી લાંબા ગાળાના ડાયરીઆ (ઝાડા)ના દર્દીઓને મોટા આંતરડાની તપાસ કરવું ખુબ જરૂરી છે અને ફેફસાની જેમ આંતરડામાં પણ ટીબી થઇ શકે છે અને યોગ્ય નિદાન અને સારવાર કરવાથી મટી પણ શકે છે.

### સૌજન્ય

**ડૉ. યતીન પટેલ**
MS (Endoscopist)
કન્સલટન્ટ – ગેસ્ટ્રોએન્ટ્રોલોજીસ્ટ
મોબાઈલ : +૯૧- ૯૮૨૫૦ ૬૩૩૬૩
ઇમેલ : yatin.patel @cimshospital.org

**ડૉ. ભાવેશ ઠક્કર**
MD (Medicine), DNB (Gastro)
ગેસ્ટ્રો-ઇન્ટેસ્ટીનલ ફીજીશીયન
મોબાઈલ : +૯૧-૯૭૨૭૭ ०७२१४
ઇમેલ : bhavesh.thakkar@cimshospital.org

CIMS News
Care & Cure
Volume-4 | Issue-41 | December 25, 2013



## ચેપી રોગોનો ડિપાર્ટમેન્ટ


## ચેપી રોગની સારવાર

આપણા દેશમાં ચેપીરોગ એ મૃત્યુદરનું પ્રમાણ વધવા માટેનું એક મહત્વનું પરિબળ છે. બેકટેરિયા અને અન્ય વિષાણુજન્ય ચેપ સિવાય મેલેરિયા, ડેન્ગ્યુ, ક્ષય, ડાયેરિયા જેવા ચેપી રોગ પણ ચિંતાજનક છે. ભારત સહિત સમગ્ર વિશ્વમાં એચઆઇવી એઇડ્સનો જીવલેણ રોગ વ્યાપ્ત છે. હોસ્પિટલમાં થતા નવા ચેપી રોગોનું પ્રમાણ પણ વધી રહ્યું છે. રોગ પ્રતિકારક શક્તિ ઓછી ધરાવતા હોય તેવા લોકોનું પ્રમાણ વધતા તકવાદી ચેપ જેવા કે કેન્ડિડાઇસીસ, એસ્પરજીલોસીસ, મ્યુકોરમાયકોસીસનું પ્રમાણ પણ હવે વધારે જોવા મળે છે.

કોઇપણ ચેપીરોગની યોગ્ય સારવાર તેના યોગ્ય નિદાન તેમજ જરૂરી એન્ટિબાયોટીકની માત્રા અને સમયગાળા પર આધારિત હોય છે. એક સુચારૂ માઇક્રોબાયોલોજી લેબોરેટરી અને નિષ્ણાતોના મત કોઇપણ ચેપીરોગની સારવારમાં મહત્વનો ભાગ ભજવે છે.

## ઘુંટણના ભયંકર ઇન્ફેકશનની સારવાર

૫૨ વર્ષની એક સ્ત્રીને થોડા વર્ષો પહેલાથી 'ઓસ્ટેઓઆરથ્રાઇટીસ'ના કારણે બંને ઘુંટણમાં સખત દુખાવો થઇ રહ્યો હતો. લગભગ છ મહિનાથી એક વિખ્યાત ઓર્થોપીડિશિયન પાસે તેની સારવાર ચાલુ હતી, જ્યાં આ દુખાવાને ઓછુ કરવા માટે ઇન્ટ્રાઆરટીક્યુલર સ્ટીરોઇડ ઇન્જેકશન (સાંધામાં અપાતા ઇન્જેકશન) દ્વારા તેની સારવાર કરવામાં આવી હતી. ડોકટરની સલાહ મુજબ તે સ્ત્રીએ ૮-૧૦ ઇન્જેકશન પોતાના જમણા ઘુંટણે અને ૨ ઇન્જેકશન ડાબા ઘુંટણમાં લીધા હતા. ઓકટોબર મહિનામાં તે સ્ત્રી તેને ચાર દિવસથી થતા જમણા પગ અને ઘુંટણમાં સખત દુ:ખાવો તેમજ સોજાની તકલીફ સાથે સીમ્સ હોસ્પિટલમાં આવી હતી. તેને સખત તાવ પણ હતો. સીમ્સ દ્વારા તેની સંપુર્ણ તપાસ કરતાં અમે એવા તારણ પર આવ્યા કે જે ઇન્જેકશન તેને આપવામાં આવ્યા હતાં, તેને કારણે જમણા પગ અને ઘુંટણમાં ભયંકર ઇન્ફેકશન થઇ ગયુ હતું. તપાસ કર્યા પછીના થોડા જ કલાકોમાં તે સ્ત્રીને સર્જરી માટે લઇ જવામાં આવી. સર્જરી દ્વારા તેમના ઘુંટણ અને પગમાં જમા થયેલ પરૂ કાઢવામાં આવ્યું અને તેને 'કલ્ચર' પરિક્ષણ માટે લેબોરેટરીમાં મોકલવામાં આવ્યું. થોડા જ સમયમાં અમને રિપોર્ટ મળ્યો કે આ ઇન્ફેકશન એક ભાગ્યે જ જોવા મળતું જંતુ 'નોકારડીયા'ના કારણે થયું



છે. આ જાણ્યા પછી તરત જ નોકારડીયાના નિવારણ માટે તેની સારવાર ચાલુ કરવામાં આવી. તેને TMP/SMX ની ટેબલેટ, અમીકાસીન ઇન્જેકશન અને લાઇનઝોલીડ ટેબલેટ ચાલુ કરવામાં આવી. લાઇનઝોલીડ એક અઠવાડિયા પછી અને અમીકાસીન ત્રણ અઠવાડિયા પછી બંધ કરાવવામાં આવી. TMP/SMX ની ટેબલેટ છ મહિના સુધી ચાલુ રાખવાનું નક્કી કર્યું. આ સારવારથી દર્દીમાં સુધારો જોવા મળ્યો. તેના ઘાવ સંપુર્ણ સુકાઇ ગયા અને આજે તે દર્દી હરી-ફરી શકે છે.

**ચર્ચા :** નોકાર્ડિઆ એક બેકટેરિયા છે જે વાતાવરણ સહિત જમીન અને પાણીમાં હોય છે. આ બેકટેરિયા જીવાણુનાશક પ્રવાહી, સ્થાનિક એનેસ્થેશિયામાં ઉપયોગી પ્રવાહી, સોય અને સિરિંજ જે ઇન્જેકશનમાં ઉપયોગમાં લેવાય છે, તેને દુષિત કરે છે. જો યોગ્ય ચેપરોધક ઉપાયો જેમ કે સ્વચ્છ હાથ અંગે યોગ્ય કાળજી ન લેવામાં આવે, તો તે સાંધામાં પ્રવેશી ગંભીર ચેપનું રૂપ લઇ શકે છે. જો જીવાણુંને જાણ્યા વિના એન્ટિબાયોટિક આપવામાં આવે તો તેનું ગંભીર પરિણામ આવી શકે છે. ચેપની સારવાર હંમેશા ચેપી જીવાણું પર આધારિત હોય છે જેના માટે 'કલ્ચર' ટેસ્ટ જરૂરી છે. એન્ટિબાયોટિક્સની પસંદગી, તેની માત્રા, તેમજ તેનો સમયગાળો નોકાર્ડિયા માટે વિશિષ્ટ છે. અન્ય બેકટેરિયાથી થતા સાંધાના ચેપ માટે ૬ અઠવાડિયાની સારવાર પૂરતી છે, જ્યારે નોકાર્ડિયા માટે ઓછામાં ઓછી ૪-૬ મહિના સારવાર લેવી પડે છે. ડ્રગ સસેપ્ટીબીલીટી ટેસ્ટ દર્દી માટે કઇ એન્ટિબાયોટીક વધુ કારગત નીવડશે તે જણાવે છે. આ ટેસ્ટ માટે યોગ્ય રીત અપનાવી જરૂરી છે. અયોગ્ય રીતથી સારવારની દિશા વિપરિત પરિણામ તરફ વળી શકે છે. આ કેસ દરેક પ્રકારના ચેપી રોગની સારવાર માટે એક શ્રેષ્ઠ માઇક્રોબાયોલોજી લેબ અને ચેપજન્ય રોગ અંગે નિષ્ણાંતોની સલાહના મહત્વ પર પ્રકાશ પાડે છે.

**સૌજન્ય**

**ડૉ. સુરભી મદાન**
MD, General Medicine,
Fellowship in Infectious Diseases
ચેપી રોગોના નિષ્ણાંત
મોબાઈલ : +૯૧-૯૭૧૨૯ ૭૧૮૬૩
ઇમેલ : surabhi.madan@cimshospital.org

CIMS
Care Institute of Medical Sciences

CIMS News
Care & Cure
Volume-4 | Issue-41 | December 25, 2013


જી.આઇ. ડિપાર્ટમેન્ટ

# અન્નનળીની બીમારી: એકેલેજયા કાર્ડિયાનું સીમ્સ હોસ્પિટલમાં નીદાન અને લેપ્રોસ્કોપીક પદ્ધતિથી તેનું ઓપરેશન


૫૫ વર્ષનાં એક દર્દીને એક વર્ષથી ખોરાક ઉતારવામાં તકલીફ થતી હતી. ઘણી તપાસ છતા નીદાન થયુ નોહતુ. એન્ડોસ્કોપી તથા બેરીયમની તપાસ છતાં દર્દી આ તકલીફ સાથે એક વર્ષથી પીડાતા હતા. ખોરાકનાં અટકાવને કારણે સુતી વખતે ખોરાક પાછો આવવાથી અને શ્વાસ નળીમાં જવાને કારણે ઉધરસ અને ફેફસાંની તકલીફ શરૂ થઈ ગઈ હતી.

ત્યારે દર્દીએ સીમ્સ હોસ્પિટલની મુલાકાત લીધી અને ડો. ચિરાગ ઠક્કરને મળતા તેમની તકલીફ એકેલેસીયા કાર્ડિયા નામની અન્નડોની બીમારી હોવાનું અનુમાન થયું. એકેલેસીયા કાર્ડિયામાં અન્નનડી અને જઠરની વચ્ચેનો વાલ જે સામાન્ય માણસમાં ખોરાક ઉતારતી વખતે ખુલે છે, તે ખુલી નથી શકતો. એના કારણે દર્દીને ખોરાક,





Esophageal Manometry



અન્નનળીમાં અટકતો હોવાનો અહેસાસ થાય છે અને લાંબા ગાળે અન્નનડી પહોળી થઇ જાય છે. ઈસોફેજીયલ મેનોમેટરી નામની તપાસથી તે નીદાન પાકું કરવામાં આવ્યું. દર્દીને નીદાન અને તેની સારવાર માટેની જરૂરીયાત સમજાવવામાં આવી અને દર્દીને તકલીફથી છુટકારો મળવાની આશા દેખાઈ. લેપ્રોસ્કોપીથી તેમની તકલીફ માટે ઓપરેશન કરીને અન્નનળી અને જઠર વચેના વાલને ખોલવામાં આવ્યો. આ ઓપરેશનને લેપ્રોસ્કોપીક હેલર્સ માયોટોમી કહેવાય છે.

ઓપરેશન પછી થોડાક કલાકોમાં દર્દી પથારીમાંથી ઉભા થઈ ચાલી શકતા હતા અને બીજા દિવસથી પ્રવાહી અને ખોરાક શરૂ કરવામાં આવ્યો. હાલ દર્દી એક સામાન્ય માણસની જેમ ખોરાક લઈ શકે છે. ફેફસાની બધી તકલીફમાંથી મુક્તિ મળી ગઈ છે. લેપ્રોસ્કોપીને કારણે ઓપરેશન પછીની ઘણી બધી તકલીફો ઓછી થઈ ગઈ છે અને રીકવરી જલ્દીથી થાય છે.

અન્નનળીની તકલીફો ઘણાં પ્રમાણમાં થતી હોય છે. પણ, આ તકલીફોને ગંભીરતાથી ન લેવાને કારણે મોટા ભાગના દર્દીઓ ડોકટરની સલાહ માટે ઘણાં વિલંભથી આવે છે.

સીમ્સ હોસ્પિટલમાં આવા અન્નનળી અને ગેસ્ટો ઈન્ટેન્સીનલ ઓપરેશન લેપ્રોસ્કોપીની મદદથી રોજીંદા ધોરણે થાય છે.

**સૌજન્ય**

**ડૉ. ચિરાગ ઠક્કર**
MS, MRCS Ed
જી આઇ, લેપ્રોસ્કોપીક અને ઓબેસીટી સર્જન
મોબાઈલ : +૯૧-૯૮૨૫૦ ૨૭૪૮૭
ઇમેલ : chirag.thakkar@cimshospital.org

**ડૉ. જયંત કે. ઝાલા**
MS, FMAS, DLS
ફેલોશીપ - હીપેટોબીલીયરી અને લીવર ટ્રાન્સપ્લાન્ટ
કન્સલટન્ટ સર્જન - સર્જીકલ ગેસ્ટ્રોએન્ટ્રોલોજી, હીપેટોબીલીયરી અને લેપ્રોસ્કોપી
મોબાઈલ : +૯૧-૯૭૧૨૯ ૯૭૦૯૬
ઇમેલ : jayant.jhala@cimshospital.org

CIMS News
Care & Cure
Volume-4 | Issue-41 | December 25, 2013

CIMS®
Care Institute of Medical Sciences

# ટુંક સમયમાં સીમ્સ કેન્સર અને રેડિયોથેરાપી સેન્ટર

## એક નવી સિદ્ધિ



Linear Accelerator, Versa HD

**એશિયામાં સૌથી અનોખું અને વિશ્વમાં પહેલીવાર ઇલેક્ટા તરફથી લીનીયર એક્સિલરેટર, વર્સા એચડી ફક્ત સીમ્સમાં**

વર્સા એચડી સમગ્ર શરીરમાં વિવિધ પ્રકારની ગાંઠ માટે પરંપરાગત સારવાર આપવામાં ક્લિનીશીયનોને અનુકૂળતા આપે છે અને સાથે સાથે અતિ લક્ષિત ચોકસાઈ ધરાવતા ખૂબ જટિલ કેન્સરની સારવાર પણ શક્ય બનાવે છે.

- આ નવું મશીન જેનરેશન ઈલેક્ટા લીનીયર એક્સિલરેટરની તુલનામાં રેડિયેશન ડોઝ ત્રણ ગણી ઝડપે આપવા સક્ષમ છે.
- આ અદ્યતન રેડિયોથેરાપી સુવિધા ટ્યુમર પર વધુ અસરકરાક છે, આસપાસના કોષોને ઓછું નુકસાન કરે છે અને જટિલતાનું જોખમ ઓછું રહે છે.



# One of the Largest ECMO Team of India

**THE FIRST HOSPITAL TO HAVE 24 x 7 DEDICATED IN HOUSE ECMO TEAM**

## With over 25 Full Time Senior Doctors



**Left to Right (Standing) :** Dr. Nitesh K. Shah, Dr. Dhanashri Atre Singh, Dr. Amit Chitaliya, Dr. Srujal Shah, Dr. Hiren Dholakia, Dr. Shaunak Shah, Dr. Pranav Modi, Dr. Dhiren Shah, Dr. Urmil Shah, Dr. Dhaval Naik, Dr. Kashyap Sheth, Dr. Niren Bhavsar, Dr. Chintan Sheth
**Left to Right (Sitting) :** Dr. Vipul Thakkar, Dr. Bhagyesh Shah, Dr. Harshal Thaker, Dr. Amit Patel, Dr. Gunvant Patel, Dr. Satya Gupta, Dr. Anish Chandarana, Dr. Milan Chag, Dr. Keyur Parikh, Dr. Hemang Baxi, Dr. Vineet Sankhla, Dr. Ajay Naik
Dr. Sanjay Shah, Dr. Saurabh Jaiswal, Dr. Surabhi Madan, Dr. Prashant Pawar, Dr. Rohan Bhagde, Mr. Ulhas Padiyar, Mrs. Dhanyata Dholakia (Not present)


CIMS® Care Institute of Medical Sciences


CIMS News
Care & Cure
Volume-4 | Issue-41 | December 25, 2013

# પ્રથમ વખત ગુજરાત, રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં મીશન ECMO

## ECMO ECLS (Extracorporeal Membrane Oxygenation - Extracorporeal Life Support)નું પ્રથમ સેન્ટર પશ્ચિમ ભારત (ગુજરાત, રાજસ્થાન અને મધ્ય પ્રદેશ)માં સીમ્સ હોસ્પિટલમાં

### ૨૫થી વધારે ફુલ ટાઇમ અનુભવી ડોકટર્સની ટીમ




- લાંબા સમય મહત્તમ પ્રયત્નો કરવા છતા પણ જ્યારે ફેફસા દ્વારા પુરતા પ્રમાણમાં ઓક્સિજન નથી મળતુ અને હૃદય પરફ્યુસ નથી કરી શકતુ ત્યારે ઘણા બધા અંગો નિષ્ફળ જાય છે અને વ્યક્તિનું જીવન મૃત્યુમાં પરિણમે છે. અત્યાર સુધી આપણે લાચાર હતા પરંતુ હવે આશાના નવા કિરણ સમાન જરૂરી દર્દીઓ માટે સીમ્સ હોસ્પિટલ દ્વારા લાવવામાં આવ્યુ છે.
- ECMO એક એવી પ્રક્રિયા છે કે જેનાં દ્વારા શરીરને કેટલાક મશીનો દ્વારા બહારથી હૃદય અને ફેફસા માટે તત્કાલીન સમય માટે સહારો આપવામાં આવે છે. આ મશીન હૃદયની શસ્ત્રક્રિયામાં વપરાતા હાર્ટલંગ બાયપાસ મશીનથી ઘણું જ મળતું આવે છે.



Delta Stream Meadows
(CIMS ECMO Latest Generation)

### ECMO કોને મૂકી શકાય? કયા રોગોમાં ECMO સારવાર ફાયદો આપે?

**હૃદયના રોગો જેવા કે,**

(૧) હાર્ટ ફેલ્યોર
(૨) બાયપાસ પછી કે પહેલાં
(૩) હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ પહેલાં અને પછી
(૪) વાલ્વ સર્જરી
(૫) જન્મજાત હૃદયની ખામીઓ (બાળકોનાં હૃદયરોગ)
(૬) પોઇઝનીંગ (ઝેરની અસર વાળા દર્દી)
(૭) શરીરની મુખ્ય ધમનીઓની સર્જરીમાં

**ફેફસાનાં રોગો જેવા કે**

(૧) સ્વાઈન ફ્લુ, બર્ડ ફ્લુ, અન્ય ફ્લુ
(૨) વાઈરસ કે બેક્ટેરિયા જન્ય રોગો
(૩) ARDS
(૪) કોઈપણ કારણસર થયેલ લંગ ફેલ્યોર Lung Failure

### વિશાળ ECMO ટીમ

**ECMO ચીફ કો-ઓર્ડિનેટર્સ**
- ડૉ. ધવલ નાયક
- ડૉ. કેયૂર પરીખ

**ECMO ક્રીટીકલ કેર / રેસ્પીરેટરી ટીમ**
- ડૉ. વિપુલ ઠક્કર
- ડૉ. ભાગ્યેશ શાહ
- ડૉ. હર્ષલ ઠાકર
- ડૉ. ધને શ્રી અત્રે સિંઘ
- ડૉ. અમિત એચ. પટેલ
- ડૉ. નિતેશ કે. શાહ

**ECMO કાર્ડિયાક ટીમ**
- ડૉ. અજય નાઇક
- ડૉ. સત્ય ગુપ્તા
- ડૉ. વિનીત સાંખલા
- ડૉ. ગુણવંત પટેલ
- ડૉ. મિલન ચગ
- ડૉ. ઉર્મિલ શાહ
- ડૉ. હેમાંગ બક્ષી
- ડૉ. અનિશ ચંદારાણા
- ડૉ. પ્રશાંત પવાર
- ડૉ. રોહન હેગડે

**ECMO નીઓનેટોલોજી અને પીડિયાટ્રીક કાર્ડિયાક ટીમ**
- ડૉ. કશ્યપ શેઠ
- ડૉ. શૌનક શાહ
- ડૉ. અમિત ચિત્તલીયા

**ECMO કાર્ડિયાક સર્જરી ટીમ**
- ડૉ. ધવલ નાયક
- ડૉ. ધીરેન શાહ
- ડૉ. સૌરભ જયસ્વાલ

**ECMO ટ્રોમા ટીમ**
- ડૉ. સંજય શાહ

**ECMO વાસ્ક્યુલર ટીમ**
- ડૉ. સૃજલ શાહ

**ECMO થોરાસીક ટીમ**
- ડૉ. પ્રણવ મોદી

**ECMO ઇન્ફેક્શીયસ ડિસીસ ટીમ**
- ડૉ. સુરભી મદાન

**ECMO પરફ્યુસનીસ્ટ ટીમ**
- ઉલ્હાસ પડીયાર
- ધન્યતા ધોલકીયા

**ECMO નર્સિંગ ટીમ**

CIMS
Care Institute of Medical Sciences

**CIMS News Care & Cure Registered under RNI No. GUJBIL/2010/39100**
**Published 25th of every month**
**Permitted to post at PSO, Ahmedabad-380002 on the 30th to 5th of every month under**
**Postal Registration No. GAMC-1813/2011-2013 issued by SSP Ahmedabad valid upto 31st December, 2013**
**Licence to Post Without Prepayment No. CPMG/GJ/102/2012 valid upto 31st December, 2013**

**If undelivered Please Return to**

**CIMS Hospital**

Nr. Shukan Mall, Off Science City Road,

Sola, Ahmedabad-380060.

Phone : +91-79-2771 2771-75 (5 lines)

Mobile : +91-98250 66664, +91-98250 66668

**Subscribe "CIMS News Care & Cure" :** Get your "CIMS News Care & Cure", the information of the latest medical updates only ₹ 60/- for one year. To subscribe pay ₹ 60/- in cash or cheque/DD at CIMS Hospital Pvt. Ltd. Nr. Shukan Mall, Off Science City Road, Sola, Ahmedabad-380060. Phone : +91-79-3010 1059 / 3010 1060. Cheque/DD should be in the name of : **"CIMS Hospital Pvt. Ltd."**
Please provide your **complete postal address with pincode, phone, mobile and email id** along with your subscription

CIMS
Care Institute of Medical Sciences
At CIMS... we care

CARE INSTITUTE OF MEDICAL SCIENCES

A premier multi-super specialty GREEN Hospital






CIMS Hospital : Nr. Shukan Mall,
Off Science City Road, Sola, Ahmedabad-380060.
Ph.: +91-79-2771 2771-75 (5 lines)
email : info@cims.me web : www.cims.me
For appointment call :
+91-79-3010 1200, 3010 1008
Mobile : +91-98250 66661 or email on
opd.rec@cims.me

Ambulance & Emergency :
+91-98244 50000, 97234 50000, 90990 11234

**Printed, Published and Edited by Preeta Chag on behalf of the CIMS Hospital**
**Printed at High Scan Pvt. Ltd., 'Hi Scan Estate', Sarkhej-Bavla Highway, Changodar. Ahmedabad-382 213.**
**Published from CIMS Hospital, Nr. Shukan Mall, Off Science City Road, Sola, Ahmedabad-380060.**